ક્રમાંક:મઉમશબ/શા.નિ/૨૦૨૧/Online

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૨૬/૦૧/૨૦૨૧

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

ગુજરાત રાજય.

વિષય :- School Registration ની માહિતીના Verification ની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, હાલમાં વર્ષ-૨૦૨૦-૨૧ માટે School Registration ની ઓનલાઈન પ્રક્રિયા શરૂ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સાથે રજિસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને School Registration ઓનલાઈન કરવાની પ્રક્રિયા માટે બાયસેગના માધ્યમથી તા.૧૨/૦૧/૨૦૨૧ ના રોજ તાલીમ યોજવામાં આવેલ અને તે અંતર્ગત રાજયની શાળાઓ દ્વારા ખુબ સુંદર કામગીરી થઈ રહી છે. રાજયમાં રજિસ્ટર થયેલ કુલ ૧૭,૦૦૦ શાળાઓ પૈકી ૧૩,૪૦૦ શાળાઓએ ઓનલાઈન School Registration પૂર્ણ કરેલ છે.

વધુમાં, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તા.૧૫/૦૧/૨૦૨૧ ના રોજ શાળાઓ દ્વારા ઓનલાઈન શાળા રજીસ્ટ્રેશનનું વેરીફિકેશન કરવાની કામગીરી માટે માર્ગદર્શન યોજવામાં આવેલ.

વર્ષ-૨૦૨૧ ની બોર્ડની જાહેર પરીક્ષા માટે તા.૨૧/૦૧/૨૦૨૧ થી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીક્ષાર્થીઓના આવેદનપત્રો ઓનલાઈન ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. જે તા.૨૦/૦૨/૨૦૨૧ ના રોજ પૂર્ણ થનાર છે. હાલની સ્થિતિની ઓનલાઈન વિગતો જોતાં અમૂક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા હજુ સુધી વેરીફિકેશનની કામગીરી ઝડપથી શરૂ કરેલ નથી જે ચિંતાનો વિષય છે. કારણકે વિજ્ઞાન પ્રવાહની શાળાઓને "લેઈટ ફી" સિવાય આવેદનપત્રો ભરવા માટે ફક્ત ત્રણ (03) અઠવાડિયાનો સમયગાળો બાકી રહે છે જેથી અને ખાસ કરીને વિજ્ઞાન પ્રવાહની શાળાઓને વેરીફિકેશનની કામગીરીને અગ્રતા આપીને ઝડપથી કામગીરી પૂર્ણ કરવા યોગ્ય આયોજન કરશો.

વધુમાં, જણાવવાનું કે કોઈ શાળાઓ દ્વારા School Registration પૂર્ણ કરી સબમિટ કરી દીધેલ હોય અને તેના વેરીફિકેશન દરમિયાન કોઈ માહિતીમાં વિસંગતતા હોવાના કારણે સુધારો કરવાનો થતો હોત તેવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને "School Confirmation" ના ખાનામાં

થયેલ ટીક માર્ક ☑ ની નિશાની કાઢીને શાળા પુન: School Registration ની માહિતીમાં સુધારો કરી શકે તે માટે પોર્ટલ ખુલ્લુ કરવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આપેલ છે. જેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જે તે શાળા માટે સુધારો કરવા ઓનલાઈન જ સુધારો (એડીટ) કરવા માટે ખુલ્લુ કરી શકશે. જે કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા વેરીફિકેશન પૂર્ણ કરી દેવામાં આવેલ હોય અને ત્યાર બાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કોઈ સુધારો કરવો જરૂરી જણાય તો આવા કિસ્સા માટે કોઈ સુધારો કરવા માંગતા હોય તો DEO Verification નું ટીક માર્ક કાઢીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુધારો કરી શકે તેવી સત્તા પુન: આપવા માટે બોર્ડના સચિવનો સપર્ક ઈ-મેઈલ મારફતે રજૂઆત કરવાથી સુધારા માટે પુન: સત્તા આપવામાં આવશે. તે સિવાય સુધારાને અવકાશ નથી.

આ સાથે તા.૨૬/૦૧/૨૦૨૧ ના રોજ સવારના ૦૯.૦૦ કલાક સુધીની જિલ્લાવાર શાળા રજીસ્ટ્રેશનની આંકડાકિય માહિતી સામેલ છે. જે ધ્યાને લઈ ઝડપથી પ્રક્રિયા પૂર્ણ કરવા આયોજન હાથ ધરશો. School Verification ની ચકાસણી કરતી વખતે શાળાની તમામ માહિતી જેવી કે ઈન્ડેક્ષ નંબર, પ્રવાહ, માધ્યમ, વર્ગોની સંખ્યા, અપલોડ કરેલ દસ્તાવેજો તેમજ શાળાના ફોટોગ્રાફ્સ અને તેનું લોકેશન તે જ શાળાનું છે કે નહીં તે દસ્તાવેજો સાથે સરખાવીને ખરાઈ કરીને આપની કક્ષાએથી વેરીફિકેશન OK કરવાનું રહેશે. આમ, આ કામગીરી ઝડપથી અને ચોક્કસાઈ પૂર્વક સમયમર્યાદામાં પૂર્ણ કરશો તેવી અપેક્ષા સહ...

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>બિડાણ :-</u>

- આંકડાકિય માહિતીનું પત્રક

જા. નં./મા-૨/૨૦૨૧/......૪૯૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૨૭/૧/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા/શહેરની તમામ મા.. અને ઉ.મા. શાળાઓ તરફ
જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

## GS & HSEB SCHOOL CONFIRMATION & DEO VERIFICATION STATUS as on 26-01-21 (9AM)

| Sr. No. | District | School Confirmation Done | DEO Verification Done | % of verification done |
|---|---|---|---|---|
| 1 | Ahmedabad (Rural) | 715 | 6 | 0.84 |
| 2 | Ahmedabad (City) | 746 | 91 | 12.20 |
| 3 | Amreli | 342 | 41 | 11.99 |
| 4 | Anand | 459 | 43 | 9.37 |
| 5 | Aravalli | 378 | 10 | 2.65 |
| 6 | Banaskantha | 672 | 2 | 0.30 |
| 7 | Bharuch | 351 | 7 | 1.99 |
| 8 | Bhavnagar | 472 | 3 | 0.64 |
| 9 | Botad | 144 | 3 | 2.08 |
| 10 | Chhota Udepur | 143 | 2 | 1.40 |
| 11 | Dahod | 311 | 0 | 0.00 |
| 12 | Dang | 76 | 32 | 42.11 |
| 13 | Devbhumi Dwarka | 173 | 0 | 0.00 |
| 14 | Gandhinagar | 430 | 68 | 15.81 |
| 15 | Gir Somnath | 382 | 8 | 2.09 |
| 16 | Jamnagar | 290 | 10 | 3.45 |
| 17 | Junagadh | 479 | 188 | 39.25 |
| 18 | Kheda | 452 | 0 | 0.00 |
| 19 | kutch | 445 | 279 | 62.70 |
| 20 | Mahesana | 514 | 138 | 26.85 |
| 21 | Mahisagar | 221 | 55 | 24.89 |
| 22 | Morbi | 248 | 0 | 0.00 |
| 23 | Narmada | 100 | 0 | 0.00 |
| 24 | Navsari | 311 | 119 | 38.26 |
| 25 | Panchmahal | 313 | 1 | 0.32 |
| 26 | Patan | 272 | 0 | 0.00 |
| 27 | Porbandar | 123 | 0 | 0.00 |
| 28 | Rajkot | 832 | 51 | 6.13 |
| 29 | Sabarkantha | 406 | 0 | 0.00 |
| 30 | Surat | 1118 | 506 | 45.26 |
| 31 | Surendranagar | 360 | 9 | 2.50 |
| 32 | Tapi | 164 | 0 | 0.00 |
| 33 | Vadodara | 653 | 22 | 3.37 |
| 34 | Valsad | 347 | 76 | 21.90 |